અપીલ અરજી નં. ૬૭૭ તા.૯–૩–૧૨

ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારિયા

સામાવાળા :– ઝોનલ ચીફ અને ત. જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારિયાની તા. ૨૭–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સર્વે નં. ૫/૧૯૨૦ તથા ૫/૩૮૬ની મિલ્કતની પાછળ કાંસકીવાડ બસ સ્ટેન્ડની પાછળના નવા આર.સી.સી સ્લેબ પ્લાન,બીમ બાંધકામના પ્લાનની શહેર વિકાસ વિભાગ દ્વારા બાંધકામ મંજુર થયા અંગેની ફકત રજાચિટ્ઠીની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૭/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારિયાની તા. ૨૭–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સર્વે નં. ૫/૧૯૨૦ તથા ૫/૩૮૬ની મિલ્કતની પાછળ કાંસકીવાડ બસ સ્ટેન્ડની પાછળના નવા આર.સી.સી.સ્લેબ પ્લાન, બીમ બાંધકામના પ્લાનની શહેર વિકાસ વિભાગ દ્વારા બાંધકામ મંજુર થયા અંગેની ફકત રજાચિટ્ઠીની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૪૧૩ તા.૨૧–૨–૧૨ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારના તપાસણીના તા. ૨૪–૨–૧૨ના પત્ર અંગે કરેલ–ન કરેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૦૨૫ તા.૧૭–૩–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને મૂળ અરજીથી તપાસણી માંગેલ કે કેમ ? મુદ્દા નં. ૨ થી માંગેલ માહિતી તેમના અપીલમાંના દાવા સાથે સુસંગત છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. /૨૪૧૩ તા.૨૧–૨–૧૨ થી અરજદારને દસ્તાવેજ ફી ભરવા જણાવતા પત્ર સાથે આપેલ માહિતી પત્રની નકલ, દસ્તાવેજી ફી ભર્યાની વિગત, પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ./૨૫૬૦ તા.૩–૩–૧૨ થી નકલ પુરી પાડયાના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૪–૩–૧૨નો પત્ર મળેલ છે.

અરજદારની તા. ૨૭–૧–૧૨ ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જેની જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. /૨૪૧૩ તા.૨૧–૨–૧૨ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ સર્વે નં. ૫/૧૯૨૦ તથા ૫/૩૮૬ની મિલ્કતની પાછળ કાંસકીવાડ બસ સ્ટેન્ડની પાછળના નવા આર.સી.સી સ્લેબ પ્લાન,બીમ બાંધકામના પ્લાનની શહેર વિકાસ વિભાગ દ્વારા બાંધકામ મંજુર થયા અંગેની ફકત રજાચિટ્ઠીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૫/૧૯૨૦ વાળી મિલ્કતે સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આ.૧૪૨ તા.૯–૯–૧૦ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જેની રજાચિટ્ઠીની નકલ નંગ–૧ ના પ્રતિ નકલ રૂા.૨/– લેખે રૂા.૨/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે. ૫/૩૮૬ કાંસકીવાડ બસ સ્ટેન્ડની પાછળ વાળી મિલ્કત અર્થે બિડાણ કરેલ ડોકયુમેન્ટની રેકર્ડ પર કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેમ છતાં મિલ્કત નંબર દર્શાવ્યેથી સેન્ટ્રલઝોનથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય. તેવુ જણાવેલ. અરજદારે રસીદ નં.૧૭૦૮૧ ૮ તા.૨૪–૨–૧૨ થી રૂા.૨/– ભરપાઈ કરેલ જે મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ./૨૫૬૦ તા.૩–૩–૧૨ થી ૭(૩) ની સમય અવધિ બાદ નકલ પુરી પાડેલ.

મુદ્દા નં. ૨ સદર મિલ્કતના બાંધકામમાં બિડાણ કરેલ ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૫/૧૯૨૦ વાળી મિલ્કતની વિકાસ પરવાનગી સેન્ટ્રલઝોન ખાતે બિડાણ કરેલ પાના નં.૫૬ નં. પ્રતિ નકલ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૧૨/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવુ જણાવેલ.

મુદ્દા નં. ૩ સદર મિલ્કતના રોડ માર્જીન અંગેની અનસ્ત પાર્ટ પ્લાનની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૫/૧૯૨૦ વાળી મિલ્કતની મંગ્યા મુજબની મીહતીના રૂા.૫૦૦/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી માંગ્યા મુજબની માહિતી મળી શકશે. તેવુ જણાવેલ.

મુદ્દા નં. ૪ ડેવલોપમેન્ટ પરમીશનનું બોર્ડ ન માર્યુ હોય તેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૪૧૩ તા.૨૧–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં.૨ માં નોંધ નં.૫/૧૯૨૦ મિલ્કતના બિડાણ ડોકયુમેન્ટના પાના નં.૫૬ રૂા.૨/– લેખે રૂા.૧૧૨/– ફી ભરવા જણાવેલ જે બાબતનું અરજદારે તા.૨૪–૨–૧૨ ના રોજ ઉપલબ્ધ ઓન રેકર્ડની તપાસણી માંગેલ પરંતુ આજદિન સુધી જાહેર માહિતી અધિકારીએ ધ્યાને લીધેલ ન હોય તેવુ જણાવેલ. જે અંગે તપાસણી આપવી કે ન આપવી જે અંગે નિર્ણય લેવાની સત્તા જાહેર માહિતી અધિકારીની છે.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૨૫ તા.૧૭–૩–૧૨ થી મૂળ અરજીથી તપાસણી માંગેલ કે કેમ ? મુદ્દા નં. ૨ થી માંગેલ માહિતી આપના અપીલમાંના દાવા સાથે સુસંગત છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૨૪–૩–૧૨ ના પત્રથી મુળ અરજીથી તપાસણી માંગેલી. મુદ્દા નં.૨ ની માહિતી ૫/૩૮૬ મિલ્કતની પાછળની નથી. તથા મુદ્દા નં. ૨ માં માંગેલી માહિતીની જ નકલ આપવા જણાવેલ. તેવી રજુઆત કરેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૭–૧–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર મુદ્દા નં.૨ અંગે નિયત દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."તેમ છતાં અપીલ તબકકેની અરજદારની દાદ ધ્યાને લઈ અરજદારે મુળ અરજીથી તપાસણી માંગેલ નહીં હોવા છતાં અપીલ તબકકેની રજૂઆત અન્વયે કાયદાના હાર્દ અને ભાવનાને અનુલક્ષી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ માં અરજદારને સમય ફાળવી દફતરની તપાસણી પૂરી પાડી થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે.

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને ત. જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારિયા,